ગઝલ

આવવાની છૂટ, પાછા જવાની છૂટ નૈ,
આ સભાનો કાયદો તોડવાની છૂટ નૈ.

હા, પલોઠી વાળીને બેસવાની છૂટ છે,
શ્લથ ચરણ સ્હેજેય લંબાવવાની છૂટ નૈ.

કાન ખુલ્લા રાખીને ઝીલવાની છૂટ છે,
મન પડે તે તારણો બાંધવાની છૂટ નૈ.

દાદ દેતાં આવડે, દઇ શકો છો, છૂટ છે,
પણ 'દુબારા' શબ્દ ઊચ્ચારવાની છૂટ નૈ.

શ્વાસ એકજ, એક શર, વીંધવાની એક પળ,
બસ! પલક એકેય ફરકાવવાની છૂટ નૈ.